# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL
REACHING NATIONS
SINCE 1969

1969 TO 2029

**India's National Spiritual Newspaper**

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

**Editor : S. SAM SELVA RAJ** **16 Languages** **Associate Editor : Bro. PANKAJ C. WADIA**

**VOL: XXVII** **YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 NOVEMBER** **NO: 09**


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોટે કરો

**ગીતશાસ્ત્ર ૯૬ : ૭ થી ૧૩**

૭. લોકોનાં કુળો, યહોવાને દો, ગૌરવ તથા સામર્થ્ય યહોવાને દો.

૮. યહોવાના નામને શોભતું ગૌરવ તેને આપો; અર્પણ લઈને તેનાં આંગણાંમાં આવો.

૯. પવિત્રતાની સુંદરતાએ યહોવાને ભજો; આખી પૃથ્વી, તેની આગળ કંપો.

૧૦. વિદેશીઓમાં કહો કે, યહોવા રાજ કરે છે; જગત પણ એવી રીતે સ્થાપન કરવામાં આવેલું છે કે તે ખસેડી શકાય નહિ; તે યથાર્થપણે લોકોનો ન્યાય કરશે.

૧૧. આકાશો આનંદ કરો, અને પૃથ્વી હરખાઓ; સમુદ્ર તથા તેનું ભરપૂરપણું ગાજો;

૧૨. ખેતર તથા તેમાં જે કંઈ છે તે સર્વ ઉત્સાહ કરો; ત્યારે વનનાં સર્વ વૃક્ષો યહોવાની આગળ હર્ષનાદ કરશે.

૧૩. કેમ કે તે આવે છે; તે પૃથ્વીનો ન્યાય કરવા આવે છે; તે યથાર્થપણે જગતનો, અને તેની સત્યતાએ લોકોનો, ન્યાય કરશે.

## શું તમે જાગો છો કે ઊંઘી ગયા છો?

### ARE YOU AWAKE OR ASLEEP?

*- બહેન એન્જલ*



હું તમને આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાન પામેલા નામે શુભેચ્છાઓ પાઠવું છું, જેમણે આકાશી સ્થાનોમાં દરેક આત્મિક આશીર્વાદથી આપણને આશીર્વાદિત કર્યા છે. આ સામયિક દ્વારા આપણા **ઈકો ઓફ હીઝ કોલના** વિસ્તારિત પરિવાર સાથે જોડાવામાં હંમેશાં આનંદ થાય છે. મારી પ્રાર્થના એ છે કે તમે તમારા જીવનના દરેક ક્ષેત્રમાં સમૃદ્ધ થશો, જેમ તમારો આત્મા ખ્રિસ્ત ઈસુમાં સમૃદ્ધ થયો છે.

હવે આપણે વર્ષ ૨૦૨૫ના અંતમાં જઈ રહ્યા છીએ. આ વર્ષ કેટલી ઝડપથી પસાર થઈ ગયું છે! જ્યારે આપણે પાછળ વળીને જોઈએ છીએ ત્યારે તેના પર પ્રતિબિંબિત કરવા માટે ઘણું બધું છે. ફળદાયી અને આશીર્વાદિત વર્ષનો અનુભવ કરનારા બધા માટે હું ઈશ્વરનો આભાર માનું છું, અને હું તે લોકો માટે પ્રાર્થના કરું છું કે જેમને પડકારોનો સામનો કરવો પડ્યો છે - ટકી રહેવા અને આટલે દૂર સુધી પહોંચવા માટે સારું કર્યું છે. ખરેખર , ઈશ્વર આપણું સામર્થ્ય છે!

ખાસ કરીને તે એક પરિવાર તરીકે અમારા માટે પડકારજનક વર્ષ રહ્યું છે. અમે મારા ભાઈના દુઃખજનક ખોટનો અનુભવ કર્યો હતો - મારા માતાપિતાનો એક વહાલો દિકરો અને ખ્રિસ્તનો એક વિશ્વાસુ સેવક. તેમ છતાં, તે સર્વ દ્વારા, ઈશ્વરની કૃપા આપણા માટે પૂરતી રહી છે. હું તમારી પ્રાર્થનાઓ માટે અને આ મુશ્કેલ સમયમાં અમારી સાથે ઊભા રહેવા માટે ખૂબ આભારી છું.

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીઝ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે

★ Please Subscribe and Share ★

ECHO OF HIS CALL REACHING NATIONS SINCE 1969

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969



## *from your dearly beloved brother...*



"હે યહોવાની આશા રાખનારા, તમે સર્વ બળવાન થાઓ, અને તમારાં હૃદય હિમ્મત પકડો." – ગીતશાસ્ત્ર ૩૧:૨૪

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

ખ્રિસ્તમાં વહાલા ભાઈઓ અને બહેનો,

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામને સર્વ મહિમા તથા આદર હો, જેઓ આપણને આશીર્વાદના માર્ગમાં સતત દોરી રહ્યા છે.

પાછલા મહિના દરમિયાન, અમને ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો હતો - છાપખાનાના મશીનો સાથે તકનીકી સમસ્યાઓ, અમારા સહકાર્યકરોમાં આરોગ્ય બાબતે સંઘર્ષ અને અન્ય દબાણયુક્ત જરૂરિયાતો - જે કોઈ સમયે મિનિસ્ટ્રીને ધીમી પાડતા હોય એવું લાગે. છતાં, તેમના સામર્થ્યવાન હાથથી, ઈશ્વરે દરેક પરીક્ષણને તેમના મહિમા માટેની સાક્ષીમાં ફેરવી નાખ્યા હતા. આજે, અમે આ કાર્યને નવી ઝંખના અને તાજા ઉત્સાહથી ચાલુ રાખ્યું છે.

અમે વિશ્વાસપૂર્વક મહેનત કરનારા સર્વ પર પ્રભુની દૈવી સક્ષમતા માટે તમારી ઉત્સાહી પ્રાર્થનાઓને માટે આતુરતાપૂર્વક વિનંતી કરીએ છીએઃ અમારી મંડળીના સમર્પિત સેવકો, ક્ષેત્રિય કાર્યકરો, પ્રસાર માધ્યમોના કર્મચારીઓ, કાર્યાલયીન ટીમ, **નહેમ્યા બાઈબલ કોલેજના** કાર્યકરો અને **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલનો** અધ્યાપન અને બિન-અધ્યાપન કર્મચારીવર્ગ.

હાલમાં, અમારે પ્રતિબદ્ધ કાર્યકરોની અછતનો સામનો કરવો પડે છે, જેના કારણે ઘણા વિસ્તારોમાં વિલંબ થયો છે - જેમ કે અમારા વડીલ પાળકની આત્મકથાને પૂર્ણ કરવી, નિવાસી હિન્દી **નહેમ્યા બાઈબલ કોલેજની** વૃદ્ધિ, વિવિધ વહીવટી જવાબદારીઓ અને એકંદરિત ચર્ચની વૃદ્ધિ. અમે તમારી પ્રાર્થનાઓને માટે વિનંતી કરીએ છીએ કે નિવૃત્ત સરકારી અધિકારીઓ અને પ્રતિબદ્ધ પૂર્ણ-સમયના સેવકો આ મિનિસ્ટ્રીનો ભાર વહેંચવા આગળ આવે.

આ સમયોમાં, જ્યારે ઘણી મિનિસ્ટ્રીઓ ઈશ્વરના વચનના પાયાના સત્યથી દૂર થઈ રહ્યા છે અને દુન્યવી નમૂનાઓ અને પદ્ધતિઓ તરફ ઝૂકતા હોય છે, ત્યારે આવો પ્રભુ આપણને દયા બતાવો, તેમનો તાજો આત્મા રેડી દો, અને તેમના મહિમા માટે એક સાથે સેવા આપવા માટે આપણને એક કરો.

અમે તમને વિનંતી પણ કરીએ છીએ કે બધી મિનિસ્ટ્રીઓ અને સેવકો કે જેઓ આત્મિક યુદ્ધના મેદાનના આગળ ઊભા છે, શત્રુઓ સામે તમારા માટે હરીફાઈ કરી રહ્યા છે, તેમને પ્રાર્થનામાં ધરી રાખશો.

ખરેખર, ઈશ્વર ભલા છે - હરહંમેશ! આમીન.

ઈસુ ખ્રિસ્તમાં, તમારો સેવક,

પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ, E.mail : sam@echoofhiscall.org


**HON. EDITOR-IN-CHIEF**
Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

**EX MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**GENERAL MANAGER**
Bro. N. Prakasam, M.A., M.Sc(C&P), PGDHRM, MBA.

**ADMINISTRATION**
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

**EDITORIAL BOARD**
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.



**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

**E.MAIL**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org

**YOUTUBE CHANNEL**
Echo of His Call

(પાન ૧થી આગળ...)

ગયા મહિને, મેં આપણા હૃદયોની ચોકી કરવાના, રક્ષાના મહત્વ વિશે લખ્યું હતું કે જેથી આપણે ઈશ્વરના આશીર્વાદો પ્રાપ્ત કરી શકીએ.



ઈશ્વરે આપણને આપણા કુટુંબો પર, આપણી મંડળીઓ પર, આપણા શહેરો પર અને આપણા રાષ્ટ્રો ઉપર ચોકીદારો તરીકે મૂક્યા છે

જ્યારે હું ''રક્ષા'' શબ્દ પર મનન કરતી હતી, ત્યારે મને યાદ કરાવવામાં આવ્યું હતું કે ઈશ્વરે આપણ દરેકને રક્ષકો, ચોકીદારો તરીકે કેવી રીતે તેડ્યા હતા – ચોકીદારો – તેમણે આપણને સોંપણી કરેલી બાબતો પર. હઝકિયેલ ૩:૧૭માં, આપણે વાંચીએ છીએ: **'હે મનુષ્યપુત્ર, મેં તને ઈસ્રાએલ કોમ પર ચોકીદાર ઠરાવ્યો છે.'** ઈશ્વરે આપણને આપણા કુટુંબો પર, આપણી મંડળીઓ પર, આપણા શહેરો પર અને આપણા રાષ્ટ્રો ઉપર ચોકીદારો તરીકે મૂક્યા છે.

ચોકીદાર શાંત કે ચૂપ રહી શકતો નથી. શાસ્ત્ર કહે છે, **''હે યરૂશાલેમ, મેં તારા કોટ પર ચોકીદારો મૂક્યા છે; તેઓ આખો દિવસ તથા આખી રાત કદી શાંત રહેશે નહિ; યહોવાને યાદ દેવડાવનારાઓ, તમારે વિશ્રામ લેવો નહિ.''** યશાયા ૬૨:૬. ઈસુ ખ્રિસ્ત ટૂંક સમયમાં આવી રહ્યા છે – આપણને શાંત કે ચૂપ, મૌન રહેવાનું પોસાય તેમ નથી!

એક વિશ્વાસુ ચોકીદારે સજાગ રહેવું જ જોઈએ – જોખમનો થોડો પણ અસ્પષ્ટ ખડખડાટ જોવા, સાંભળવા અને શોધી કાઢવામાં સક્ષમ રહેવું જોઈએ. આપણને જાગ્રત રહેવા, આત્મિક રીતે સજાગ રહેવા, અને જ્યારે આપણે આગળ મુશ્કેલી જોતા હોઈએ ત્યારે ભયસૂચક અવાજ કરવા માટે તેડવામાં આવ્યા હતા. જાગતા રહો! સાવચેત રહો! આવો આપણે વિશ્વાસપૂર્વક ચેતવણી આપીએ અને બીજાઓને જે આવવાનું છે તેને માટે તૈયાર કરીએ.

હઝકિયેલ ૩૩:૬ આપણને ચેતવણી આપે છે કે **જો આપણે રણશિંગડું વગાડવામાં કે ભયસૂચક અવાજ કરવામાં નિષ્ફળ જઈએ અને અન્યોને ચેતવણી ન આપીએ, તો તેમના રક્તનો બદલો આપણી પાસેથી લેવામાં આવશે. યર્મિયા ૫૧:૧૨ આપણને પહેરો બળવાન કરવા, પહેરેગીરોને ચોકી કરવા મોકલવા માટે પ્રોત્સાહન આપે છે.**

આ જવાબદારી ફક્ત અન્ય લોકોને ચેતવણી આપવા વિશે જ નથી – તે આપણા પોતાના જીવનોની રક્ષા કરવા માટે પણ લાગુ પડે છે. ત્યાં અસંખ્ય વિક્ષેપો અને લાલચો કે પરીક્ષણો આવે છે જે આપણને ઈશ્વરની યોજના અને હેતુથી દૂર કરી શકે છે. જો આપણે સાવચેત ન રહીએ, તો આપણે સરળતાથી પડી જઈ શકીએ છીએ. આપણને ઈશ્વરના ચોકીદારો અને સ્ત્રીચોકીદારો તરીકે તેડવામાં આવ્યા હતા!

પણ અહીં નિર્ણાયક પ્રશ્ન છે: શું આપણે ખરેખર ઈશ્વરે જેમ આપણને ચોકીદારો તરીકે તેડ્યા છે તેમ ચોકી કરીએ છીએ?

વિશ્વાસુ ચોકીદારના કેટલાક મુખ્ય ગુણો છે કે તેઓ સજાગ, જાગૃત અને સાવધાન, માહીતગાર હોવા જોઈએ.

ચેતવણીનો અર્થ એ છે કે નાનામાં નાના ફેરફાર અથવા હિલચાલ માટે પણ સંવેદનશીલ રહેવું .




આપણે આપણી આસપાસ જે થઈ રહ્યુ છે તેનાથી સજાગ કે જાગૃત રહેવું જ જોઈએ

સજાગ રહેવાનો અર્થ એ છે કે આપણે જે ક્ષેત્રની રક્ષા કરી રહ્યા છીએ તેને વિષે જાણકારી રાખવી – તેની બળશક્તિઓ, તેના નબળા સ્થળો અને તેની સંભવિત નબળાઈઓ. જાગતા રહેવું એ સૌથી મહત્વપૂર્ણ છે, કારણ કે જો આપણે જાગતા ન રહીએ, તો આપણી આસપાસ શું થઈ રહ્યું છે તેનાથી આપણે માહીતગાર, સજાગ અથવા જાગૃત રહી શકીશું નહિ.

આ છેલ્લા દિવસોમાં, ઈશ્વર આપણને આત્મિક રીતે જાગતા રહેવા, સજાગ રહેવા અને ચેતતા રહેવા તેડી રહ્યા છે.

## ૧. પણ ઊંઘી રહેનારાઓ કોણ છે?



ઈસુ ખ્રિસ્ત માથ્થી ૧૩:૧૫માં આપણને જવાબ આપે છે: **''કેમ કે એ લોકોનાં**





## ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીજ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીજ કોલ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**

**મન જડ થઈ ગયાં છે, ને તેઓના કાન બહેર મારી ગયા છે, ને તેઓએ પોતાની આંખો મીંચેલી છે; રખેને તેઓને આંખે સૂઝે, ને તેઓ કાને સાંભળે, ને મનથી સમજે, ને ફરે; અને હું તેઓને સાજા કરું.''**

બીજા શબ્દોમાં કહીએ તો, આ એવા લોકો છે જેમના હૃદયો સખત, કઠણ થઈ ગયા હતા. તેઓએ પ્રેમ, આશા અને ન્યાયીપણાનો સંદેશ સાંભળ્યો છે - તેમ છતાં તેઓ તેમના માર્ગો બદલવાનો નકાર કરે છે. બાઈબલ કહે છે, તેઓએ તેમની આંખો સજ્જડ રીતે મીંચેલી રાખી દીધી હતી. તેઓ જોવા માટે તૈયાર નથી.

ઈસુ ખ્રિસ્તે આવા લોકોનું વર્ણન કર્યું હતું કે જેઓ ... તેમના હોઠોથી મારું સન્માન કરે છે, પણ તેમના હૃદયો મારાથી દૂર છે. જો આપણા હૃદયો ઈશ્વરનો અવાજ



*આપણા હૃદયોએ ઈશ્વરનો અવાજ સાંભળવો જ જોઈએ*

સાંભળવા માટે વલણ ધરાવતા નથી, તો આપણે આત્મિક રીતે ઉંઘીએ છીએ. જો આપણે ઈશ્વર શું કહે છે તે સાંભળી શકતા નથી, જો આપણે ઈશ્વરની બાબતોને જોઈ શકતા નથી, તો આપણે આત્મિક રીતે ઉંઘીએ છીએ - અને અસંવેદનશીલ થયેલા છીએ.

## ૨. જ્યારે આપણે ઉંઘી જઈએ છીએ ત્યારે શું થાય છે?

માથ્થી ૧૩માં, આપણે એક ઘરધણીના સામર્થ્યવાન દ્રષ્ટાંતની વાત જોઈએ છીએ કે જેણે તેના ખેતરમાં સારા બી વાવ્યાં હતાં અને તેની સલામતી માટે ચાકરોના રક્ષણ હેઠળ તેની સોંપણી કરી હતી. પણ જ્યારે


*જ્યારે ચોકીદારો ઊંઘતા હતા, વૈરી ચૂપચાપ આવ્યો હતો, ઘઉંમાં કડવા દાણાં વાવીને ચાલ્યો ગયો હતો*

ચોકીદારો કે તે ચાકરો ઊંઘતા હતા, ત્યારે વૈરી ચૂપચાપ આવ્યો હતો અને કોઈ જુએ તે પહેલાં ઘઉંમાં કડવા દાણાં વાવીને ચાલ્યો ગયો હતો. પાછળથી જ્યારે છોડવા ઊગ્યા, ત્યારે ચાકરોએ જોયું હતું કે ઘઉં તથા કડવા દાણાં, બન્ને સાથે ઊગી નીકળ્યા હતા.

**''પણ માણસો ઊંઘતા હતા તેવામાં તેનો વૈરી આવીને ઘઉંમાં કડવા દાણાં વાવીને ચાલ્યો ગયો.''** - માથ્થી ૧૩:૨૫

## ૩. માણસો ઊંઘતા હતા ત્યારે વૈરી આવ્યો!

આવો આપણે આ કલમ પર ઊંડાણપૂર્વક મનન કરીએ: જ્યારે તેઓ ઊંઘતા હતા ત્યારે વૈરી આવ્યો!

રાત્રીના અંધારામાં કોણ ખેતરમાં આવ્યું હતું? - **શત્રુ**

ચોકીદારો તરીકે, આપણી પાસેથી જાગૃત અને સજાગ, ચેતતા રહેવાની અપેક્ષા રાખવામાં આવી હતી. જે ક્ષણે આપણે આત્મિક રીતે ઊંઘી જઈએ છીએ, ત્યારે આપણે સજાગતા ગુમાવીએ છીએ, અને વૈરી, શત્રુ આપણી ગાફેલ રહેવાની ક્ષણોનો લાભ લે છે.

### તેથી જ શાસ્ત્ર વારંવાર આપણને અરજ કરે છે:

**જાગતા રહો ને પ્રાર્થના કરો** - માથ્થી ૨૬:૪૧

**જૂઠા ઉપદેશકોથી સાવધાન રહો** - માથ્થી ૭:૧૫

**સાવધાન રહો, અને સર્વ પ્રકારના લોભથી દૂર રહો.** - લૂક ૧૨:૧૫

**પ્રાર્થનામાં ખંતથી મંડ્યા રહો, અને તેમાં આભારસ્તુતિ કરીને જાગૃત રહો.** - કલોસ્સીઓને પત્ર ૪:૨

**જાગતા રહો** - માથ્થી ૨૪:૪૨

આ સર્વ કલમો સજાગ રહેવા અને જાગૃત, સાવચેત રહેવાની આવશ્યકતા પર ભાર મૂકે છે. તેમ છતાં આ દ્રષ્ટાંતમાં, ચાકરો ઊંઘી ગયા હતા - અને તે છે કે જ્યારે વૈરી ત્યાં આવ્યો હતો.

વહાલા મિત્રો, જ્યારે આપણે બેદરકાર કે લાપરવાહ રહીએ છીએ, વિચલિત થઈએ છીએ અથવા આત્મિક રીતે નિંદ્રામાં હોઈએ છીએ ત્યારે જ શત્રુ હમેશાં હુમલો કરવાનો પ્રયત્ન કરે છે. તે ગાજનાર સિંહની પેઠે આસપાસ ફરતો હોય છે, તરાપ મારવા માટે યોગ્ય ક્ષણની રાહ જોતો હોય છે, આપણને ઠોકર ખવડાવવા અને આપણને ગળી જવા માટે, નીચે પાડી નાખવા માટે. તેથી જ આપણે સાવચેત, સજાગ રહેવું જોઈએ.

ઈશ્વરના અવાજ પ્રત્યે આપણે આત્મિક રીતે જાગૃત અને સંવેદનશીલ કેવી


*તેમની સાથે નજીકથી અને સુસંગત રીતે ચાલવાનું જાળવી રાખવું*

રીતે રહીએ? તેમની સાથે નજીકથી અને સુસંગત રીતે ચાલવાનું જાળવી રાખીને. જો ઈશ્વર પ્રભુ સાથેનો આપણો સંબંધ મોસમી, ઋતુ અનુસાર હોય કે અર્ધ-હૃદયનો હોય તો આપણે આપણી જાતની, આપણા કુટુંબની, આપણી મંડળીઓની, આપણા શહેરોની અથવા આપણા દેશોની ચોકી કરી શકતા નથી.

(આગળ પાન ૬ પર...)

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનીને પત્ર ૧૨:૧૩), અને ઝંખ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદાઓ ૧૯ નવેમ્બર ૨૦૨૫ થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

નવેમ્બર ૧૯ : અમારી બહુવિધ પ્રવૃત્તિઓને સુરક્ષિત રાખવાના તેમના આશીર્વાદોને માટે.

નવેમ્બર ૨૦ : અમારા પ્રત્યેના તેમના નિષ્ફળ ન જતા સ્નેહ અને પ્રેમને માટે.

નવેમ્બર ૨૧ : અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહારના મિશન વિસ્તારોમાં મોકલવામાં અમને સક્ષમ કરવા માટે.

નવેમ્બર ૨૨ : પાછલા મહિના દરમિયાન તેમની કૃપાળુ દોરવણીને માટે.

નવેમ્બર ૨૩ : અમારા બહારી ક્ષેત્રના મિશનરીઓ અને તેમના પરિવારો પર રેડાયેલા આશીર્વાદોને માટે.

નવેમ્બર ૨૪ : અમારા ચર્ચના કાર્યાલયમાં નવા વિશ્વાસીઓ ઉમેરવા માટે.

નવેમ્બર ૨૫ : અમારા સર્વ કર્મચારી સભ્યો અને તેમના પરિવારો પરના તેમના આશીર્વાદોને માટે.

નવેમ્બર ૨૬ : અમારી બહુવિધ મિનિસ્ટ્રીજો દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવા માટે અમારા વડીલ પાળકની પ્રતિબદ્ધતાને માટે.

નવેમ્બર ૨૭ : **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની** દરેક પ્રવૃત્તિ પરના તેમના માર્ગદર્શન અને આશીર્વાદોને માટે.

નવેમ્બર ૨૮ : અમારા મુખ્ય ચર્ચમાં અને તેની શાખાઓમાં ચાલતી સાબ્બાથ શાળાને વધુ બાળકોથી આશીર્વાદિત કરવા માટે.

નવેમ્બર ૨૯ : અમારી યુટ્યુબ મીડિયા મિનિસ્ટ્રી મારફતે વણખેડાયેલા વિસ્તારો સુધી સુવાર્તા ફેલાવવામાં અમને સહાય કરવા માટે.

નવેમ્બર ૩૦ : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પરની અને તેમના કુટુંબો પર તેમણે દર્શાવેલી દયાને માટે.

ડિસેમ્બર ૦૧ : આપણા સહ સંપાદકો અને કોઓર્ડિનેટરો અને તેમના કુટુંબો પરના તેમના આશીર્વાદોને માટે.

ડિસેમ્બર ૦૨ : અમારી હોસ્પિટલ મિનિસ્ટ્રીમાં થયેલા ઈશ્વરના ચમત્કારોને માટે.

ડિસેમ્બર ૦૩ : સમર્પિત સહ સંપાદકોને માટે જેઓ ***ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીને** વિશ્વાસુપણે ટેકો આપે છે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

ડિસેમ્બર ૦૪ : જુવાનો તથા બાળકોની કાળજી કરનાર **વૈશ્વિક દર્શનમાં** નોંધણી કરવા માટે વધુ લોકો આગળ આવે, જેથી તેઓ આ પેઢીના જુવાનો અને બાળકો માટે મધ્યસ્થી કરી શકે.

ડિસેમ્બર ૦૫ : અમારી યુટ્યુબ મીડિયા મિનિસ્ટ્રી દ્વારા અગણિત આત્માઓનું તારણ થાય તે માટે.

ડિસેમ્બર ૦૬ : અમારા મુખ્ય ચર્ચમાંના અને તેના શાખા ચર્ચોમાંના વિશ્વાસીઓના દૈવી રક્ષણ અને સારી તંદુરસ્તીને માટે.

ડિસેમ્બર ૦૭ : વિશ્વભરની તમામ ખ્રિસ્તી મિનિસ્ટ્રીજોમાં એક મોટી ધર્મ જાગૃતિ થાય તે માટે.

ડિસેમ્બર ૦૮ : અમારા વડીલ પાળક રેવ. એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબની દરેક દુષ્ટ પરીબળથી સુરક્ષાને માટે.

ડિસેમ્બર ૦૯ : આપણી મિનિસ્ટ્રીજોનું વિસ્તરણ થાય અને સુવાર્તાના વિશ્વવ્યાપી પ્રસારને માટે.

ડિસેમ્બર ૧૦ : સર્વ ધર્મો મધ્યે એકતા અને સંવાદિતાને માટે.

ડિસેમ્બર ૧૧ : વિશ્વભરમાં ચક્રવાતો અને ધરતીકંપો જેવી કુદરતી આફતોને અટકાવવા માટે.

ડિસેમ્બર ૧૨ : વિશ્વભરમાં કિશોરો અને જુવાનોમાં થતી આત્મહત્યાની વૃત્તિઓની દૂર કરવા માટે.

ડિસેમ્બર ૧૩ : **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં અને નહેમ્યા સાંધ્ય બાઇબલ કોલેજોમાંના** વિદ્યાર્થીઓ અને શિક્ષકોના દૈવી રક્ષણને માટે.

ડિસેમ્બર ૧૪ : વિશ્વભરમાંના પાળકો અને મિશનરીઓના પરના ઈશ્વરના રક્ષણને માટે.

ડિસેમ્બર ૧૫ : અમારા મુખ્ય ચર્ચમાંના અને શાખા ચર્ચમાંના સર્વ સભ્યોની આત્મિક અને શારીરિક સુખાકારીને માટે.

ડિસેમ્બર ૧૬ : અમારી સંસ્થા માટે યોગ્ય અને સમર્પિત કર્મચારીઓની ભરતીને માટે.

ડિસેમ્બર ૧૭ : અમારા કર્મચારીઓ પર અને છાપખાનાની ટીમ ઉપર ઈશ્વરના રક્ષણના હાથ માટે, તેમને તેમના કાર્ય દરમિયાન તેમને સલામત અને સ્વસ્થ રાખે તે માટે.

ડિસેમ્બર ૧૮ : સર્વ દેશો વચ્ચે એકતા અને શાંતિને માટે.

(પાન ૪ પરથી આગળ...)

## ૪. વચન – મધ્યે!

આ ફકરાની બીજી આશ્ચર્યજનક વિગત વચ્ચેનો શબ્દ છે. વૈરીએ કડવા દાણાં ક્યાં વાવ્યા હતા ? બહુ દૂર નહિ, બીજા કોઈ ખેતરમાં નહિ, પણ સારા બીની મધ્યે. વૈરી તેના કડવા દાણાં કે નીંદણ ક્યારે અને ક્યાં વાવવા તે બરાબર જાણતો હતો – ઈશ્વરે જ્યાં વાવ્યું હતું તેની મધ્યે અને વૃદ્ધિની એજ મોસમમાં.

મારું માનવું છે કે દ્રષ્ટાંતમાંના શત્રુની જેમ જ તે હુમલો કરવા માટે યોગ્ય ક્ષણની રાહ જોતો હતો. આપણને ઘણીવાર બીજની વચ્ચે કડવા દાણાં વધતા જોવા મળે છે, તેનાથી તે જીવનને ગૂંગળાવી દે છે. કડવા દાણાં પોષણને સૂકવી નાખે છે, વૃદ્ધિમાં અવરોધ ઊભો કરે છે અને સ્વાસ્થ્યપ્રદ છોડનો નાશ કરે છે. તે જંગલની આગની જેમ ઝડપથી ફેલાય છે.

તે જ રીતે, આપણા જીવનોમાં આપણે કડવા દાણાં પણ જોઈ શકીશું – કુટુંબના સભ્યો મધ્યે, મંડળીના સભ્યો મધ્યે, મિત્રો મધ્યે અને સેવાકાર્યના, મિનિસ્ટ્રીના ભાગીદારો મધ્યે પણ. આ કડવા દાણાં




*ચોર આપણા આનંદ, શાંતિ અને સ્વાસ્થ્ય ચોરી લે છે*

આપણા આનંદ, શાંતિ અને સ્વાસ્થ્યને ચોરી લેવાનો પ્રયાસ કરે છે, અને તેઓ જૂઠાણાં અને છળકપટ દ્વારા સંબંધોને નુકસાન પહોંચાડે છે. તેથી જ શેતાનની યોજનાઓ અને વ્યૂહરચનાને ઓળખવા માટે આપણને સમજદારીના આત્માની જરૂર છે.

ફરીથી, જ્યારે ઈસુ ખ્રિસ્ત લોકો સાથે હતા, ત્યારે શાસ્ત્ર કહે છે કે તેઓ "તેમના વિચારો જાણતા હતા" અથવા "તેમના દુષ્ટ વિચારોને જાણતા હતા." ચોકીદારો તરીકે, આપણે પણ આપણી આસપાસના લોકોને સાવચેત કરવા જોઈએ.

ઈસુ ખ્રિસ્તે ચેતવણી આપી હતી કે, **"જુઓ, વરુઓમાં ઘેટાંના જેવા હું**



*સાપના જેવા હોશિયાર, તથા કબૂતરના જેવા સાલસ થાઓ*

**તમને મોકલું છું; માટે તમે સાપના જેવા હોશિયાર, તથા કબૂતરના જેવા સાલસ થાઓ."** (માથ્થી ૧૦:૧૬).

પવિત્ર આત્મા તે છે જે આપણને સર્વ સત્યમાં માર્ગદર્શન આપે છે. તેથી તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે આપણે તેમના નિવાસની હાજરીને મહત્ત્વ આપીએ અને આપણને દોરવા માટે તેના પર આધાર રાખીએ. આપણે સમજવું જ જોઈએ કે સારા લોકોની મધ્યે, ત્યાં હમેશાં દુષ્ટ આશય હશે – અને ઘણીવાર, તેમને અલગ રહેવા કહેવું સરળ હોતું નથી. ઘણી વખત, ભલા, સંભાળ લેનારા અને કરુણામય એવા લોકો ઘણા લોકો હોય છે જેઓને આવા લોકો દુઃખ પહોંચાડે છે. તેથી જ આપણે સાવચેત રહેવું જોઈએ. છેતરાઓ નહિ. કોઈને તમારો લાભ લેવા ન દો.

## ૫. તેમને વધવા દો!

દ્રષ્ટાંતની એક આશ્ચર્યજનક વિગત એ છે કે બી અને કડવા દાણાં બંને એકસરખા દેખાઈ શકે છે. કલમ ૧૩:૨૬માં આપણે વાંચીએ છીએ કે ઘઉં અને કડવા દાણાં એક સાથે વધવા લાગ્યા, તે જ સમયે સરખા દેખાતા અને લગભગ એક જેવા જ દેખાતાં હતાં. બાઈબલના વિદ્વાનો સમજાવે છે કે આ ખાસ કડવા દાણાંને "ડાર્નેલ" (Darnel) કહેવામાં આવે છે – એક છોડ જે પાસે પાસે ઘઉંની જેવો જ મળતો આવે છે. બંનેમાં મૂંઝવણ થવી સરળ છે.

તે ઘરધણીના ચાકરોએ પાસે આવીને તેને કહ્યું કે, **"સાહેબ, તેં શું તારા ખેતરમાં સારું બી વાવ્યું નહોતું? તો તેમાં કડવા દાણાં ક્યાંથી આવ્યા?"** માથ્થી ૧૩:૨૭. ઊંઘતા ચાકરોને આશ્ચર્ય થયું હતું કે કડવા દાણાં ક્યાંથી આવ્યા હતા. શું તે પરિચિત લાગતું નથી? કેટલી બધી વાર આપણે ઈશ્વરને પૂછીએ છીએ, "મારા જીવનમાં આવું કેમ થયું હતું? તે ક્યાંથી આવ્યું હતું?"

આ મારી સાથે કેમ થઈ રહ્યું છે?

તેમને થોડોક પણ ખ્યાલ ન હતો કે ઘરધણીએ બી વાવ્યા સિવાય બીજું કંઈ

(આગળ પાન ૯ પર...)

ECHO OF HIS CALL REACHING NATIONS SINCE 1969
નહેમ્યા બાઈબલ કોલેજો
લાયકાત: ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ
ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ
ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology
માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)
પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રાપ્ત: છેલ્લા ૫૬ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા
સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવા: ૨૪ કલાકો
૨. ઈકો ઓફ હીજ કોલ - માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. બાઈબલકોર - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો - (ચેપોક, સંથોષપૂરમ અને વેલાચેરી)
૬. શાખા ચર્ચો: સંથોષપુરમ, બાલાજી નગર અને વેલાચેરી
૭. મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું)
૮. તાલીમ કાર્યક્રમો - સેમિનાર અને રિટ્રીટ્સ
૯. ક્રુસેડો
૧૦. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૧. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૨. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૩. રવિવારની સાબ્બાથશાળાઓ - રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપૂરમ)

**૧૪. વહેલી સવારની ભજનસેવા - રવિવારે સવારે ૫.૩૦ વાગે**
**૧૫. પ્રારંભિક ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે**
**૧૬. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૩૦ વાગે**
**૧૭. જુવાનોની સભા - રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે**
**૧૮. સહભાગીના ભોજન - રવિવારે બપોરે ૧ વાગે**
**૧૯. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૨૦. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
**૨૧. તામિલ અને અંગ્રેજી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**

૨૨. પ્રતિભાવ સમય - સાંજે ૭.૩૦ વાગ્યે રવિવાર
૨૩. મહિલાઓની પ્રાર્થનાસભા - બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૪. પૂરૂષોની પ્રાર્થનાસભા - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૫. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૬. ગૃહ બેઠકસભાઓ - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૭. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૮. સેવકોની બેઠકસભા - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૯. માતાપિતાઓની પ્રાર્થનાસભા - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૩૦. રાત્રી પ્રાર્થનાસભા - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૧. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૨. પવિત્ર સહભાગીતા - બીજા રવિવારની ભજનસેવામાં
૩૩. જુવાનો/બાળકો માટે પ્રાર્થના - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા)
૩૪. કર્મચારીઓની ભક્તિસભા - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૫. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૩ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફિકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શુલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૩ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશિર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, **Post Box 2957**
CHEPAUK, CHENNAI - 600 005.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,**
**Cell : 98410 71852, 95661 31858**
**E.mail : biblecor@yahoo.co.in**

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સએપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | |
|---|---|
| **Account Name** | **: ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | **: 1023 2923 805** |
| **Bank Name** | **: STATE BANK OF INDIA** |
| **Branch** | **: TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | **: SBIN 0000249** |
| **SWIFT Code** | **: SBI NIN BB 455** |




# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)



## એક વિમાન જેણે મને એક પાઠ શીખવ્યો હતો!

**''જે માણસ લોભી મનનો હોય છે, તે કજિયા સળગાવે છે; પણ યહોવા પર ભરોસો રાખનારને પુષ્ટ કરવામાં આવશે.'' – નીતિવચનો ૨૮:૨૫**

૧૯૭૦ના દાયકામાં, મારો એક મિત્ર મને શેતાન દ્વારા સતાવણી પામનારી એક ગરીબ સ્ત્રીને માટે પ્રાર્થના કરવા નાઝરેથુપેટ નામના નાના ગામમાં લઈ ગયો હતો. તેણી ઘણી બધી બીમારીઓથી પીડાઈ રહી હતી કે જેનો ઈલાજ કરવામાં ડોકટરો અસમર્થ હતા. કેમ કે ત્યાં સાંજ થઈ ગઈ હોવાથી, હું ત્યાં રહી ગયો હતો અને આખી રાત તેણીના માટે પ્રાર્થના કરી હતી. ઈશ્વરે કૃપાળુ રીતે અમારી પ્રાર્થનાઓ સાંભળી હતી અને તેણીને ચમત્કારિકરીતે સાજી કરી હતી.

બીજે દિવસે સવારે, મેં તે ગામ છોડ્યું અને મારી પાસેના થોડા ઘણા પૈસાથી એક સાદો, હળવો નાસ્તો કર્યો. ત્યારે જ મને ભાન થયું કે ઘરે પાછા ફરવા માટે મારી પાસે બસનું ભાડુ નહોતું. મારી પરિસ્થિતિ વિશે ચિંતા કર્યા વિના, મેં મારી પાસે જે સુવાર્તાના ચોપાનિયાં હતાં, તે લીધા અને તેમને માર્ગમાં ચાલતાં ચાલતાં વહેંચવાનું શરૂ કર્યું. થોડા સમય પછી, ભૂખે અને થાકે મારા પર હાવી થવાનું શરૂ કર્યું હતું.

તેમ છતાં, પવિત્ર આત્માએ મને સીધા ઘરે જવાની મંજૂરી આપી નહિ. તેને બદલે, તેમણે મને પાળક અબેદ-નગો, જેઓ તાબાંરામમાં તેમના ચર્ચ, જીવન-માર્ગ દ્વારા ગરીબોમાં સેવા આપી રહ્યા હતા, ત્યાં જવા દોરવણી પૂરી પાડી હતી. તે સમયે, પાળક અબેદ-નગો, સ્વ. ભાઈ ઈમાન્યુએલ, ચિદમ્બરમમાંના જીવન-માર્ગના એસીએ ચર્ચના પાળક થોમસ, અને ભાઈ પોલીસ ચેલ્લાદુરાઈ (હવે તેઓ અમેરિકામાં ઈશ્વરના જાણીતા સેવક છે) ઉપવાસ સાથે પ્રાર્થના કરી રહ્યા હતા.

જ્યારે પ્રાર્થના પૂરી થઈ, ત્યારે પાળક અબેદ-નગોની પત્નીએ જોયું કે હું ભૂખ્યો છું અને માયાળુપણે મને ખોરાક પીરસ્યો હતો. તે દરમિયાન, ભાઈ પોલીસ ચેલ્લાદુરાઈ, જેઓ જોકે વિમાનઘર પર તેમની ફરજ પર જવા માટે ઉતાવળમાં હતા, તેમણે મને તેમની સાથે આવવાનું આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું કે તેઓ મને કેટલાક વિમાનો નજીકથી જોવા માટે વિમાનઘરની અંદર લઈ જશે. તેમનો હેતુ મને પ્રોત્સાહન આપવાનો હતો – જેથી હું સેવાકાર્યના બોજાનો ભાર ન અનુભવું પણ તેને બદલે કંઈક નવું જોવામાં આનંદ અને તાજગી મેળવું.

### સમારકામ હેઠળ વિમાનઘર!

વિમાનઘર પર, મેં એક વિમાન જોયું, જેમાંથી મુસાફરોને ઉતરવાનું કહેવામાં આવ્યું હતું કારણ કે તેમાં તકનીકી અડચણ ઉભી થઈ હતી. થોડીક જ મિનિટોમાં, નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા અને તેમણે આ મુદ્દાને ઠીક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ કરી શક્યા નહિ. ટૂંક સમયમાં, અન્ય સ્થળોથી ઈજનેરોને લાવવામાં આવ્યા, અને તેમણે વિમાનને સુધારવા માટે અથાક મહેનત કરી હતી. હું આશ્ચર્યચકિત થઈ ગયો કે તેઓએ તેને સુધારવા માટે સતત કેટલી બધી મહેનત કરી હતી.

દરમિયાન, રાહ જોતા મુસાફરોએ તેમની ધીરજ ગુમાવી દીધી હતી. તેઓએ બૂમો પાડીને કહ્યું કે તેઓ વિમાનમાં મુસાફરી કરશે નહિ જે સમારકામ હેઠળ છે અને તે વિશે ખૂબ જ હતાશા સાથે ખરાબ રીતે બોલ્યા હતા.

ત્રણ લાંબા કલાક પછી, ઈજનેરોએ આખરે વિમાનને ઉડવા લાયક બનાવ્યું. મુસાફરો – યુવાન અને વૃદ્ધ – જેઓ સૂર્યના બળબળતા તાપમાં રાહ જોતા હતા, તેઓ વિમાનમાં સવાર થવા લાગ્યાં હતાં. જ્યારે હું પણ તેમની વચ્ચે ઊભો હતો, ત્યારે મને આશ્ચર્ય થયું જ્યારે મુસાફરોએ મને પણ વિમાનમાં સવાર થવાની વિનંતી કરી હતી.

તે ક્ષણે, પવિત્ર આત્માએ મને વિમાન કેવી રીતે ઊડે છે તેનુ નિરીક્ષણ કરવા માટે મૃદુતાથી કહ્યું. એકવાર અયોગ્ય માનવામાં આવ્યું હતું તે જ વિમાને ધીમે ધીમે દોડવાનું શરૂ કર્યું, પછી વિમાન-પટ્ટી પર ગતિ પકડી લીધી હતી. થોડી સેકંડોમાં, તેને જબરદસ્ત બળથી વેગ મળ્યો, ઊંચે ઉડ્યું અને આકાશમાં ઊડવા લાગ્યું હતું. જે વિમાન, કલાકો સુધી ઊડવા માટે અયોગ્ય માનવામાં આવતું હતું, તે અચાનક તેના માર્ગ પર શક્તિશાળી રીતે આગળ વધવા લાગ્યું હતું.

### અને ઈશ્વરે મારી સાથે વાત કરી!

મારા દીકરા સામ, આજે તું કદાચ તજાયેલો, બાજુ પર કાઢી મૂકાયેલો અને કોઈ ઉપયોગને પાત્ર ન હોય એવું અનુભવી શકે છે. તેમ છતાં, તારા લક્ષ્યસ્થાન સુધી પહોંચવા માટે, તારે વિશ્વાસના લાંબે માર્ગે ચાલવું જ જોઈએ. સમારકામ હેઠળના વિમાનની જેમ,

તારે પણ પુનઃસ્થાપિત થવું જોઈએ અને લાયક બનવું જોઈએ. નિયત સમયે, મારા સમયમાં, હું તને આશીર્વાદિત કરીશ. જેમ તે વિમાન ઘણા લોકોને ઊંચકીને લઈ જાય છે, તેમ હું તને ઘણાઓને માટે આશીર્વાદનું પાત્ર બનાવીશ. બીશ મા, કેમ કે હું તારી સાથે છું.

લગભગ ૨૦ કિલોમીટર ચાલ્યા પછી હું મારા સ્થળે પાછો આવ્યો હતો. આજે, હું સાક્ષી આપી શકું છું કે તે મુશ્કેલ દિવસોમાં ઈશ્વર મારી સાથે જે વચનો બોલ્યા હતા તે પરિપૂર્ણ થયા હતા.

વહાલા મિત્રો, શું તમે ક્યારેક ગરીબી, વિરોધ અથવા જીવનના બોજાને કારણે થાકી ગયા છો? બીશો મા! કેમ કે ત્યાં લખેલું છે:

**''પણ તમે તો યહોવાના યાજક કહેવાશો; આપણા દેવના સેવક, એવું નામ તમને આપવામાં આવશે; વિદેશીઓની સંપત્તિ તમે ખાશો, ને તેમનું ગૌરવ તમને પ્રાપ્ત થવામાં તમે અભિમાન કરશો.''** – યશાયા ૬૧:૬

(પાન ૬ પરથી આગળ...)

કર્યું નહોતું. ઈશ્વર હંમેશાં આપણા માટે જે શ્રેષ્ઠ છે તે જ કરે છે. જ્યારે તે એવું લાગતું નથી, ત્યારે પણ તેઓ આપણને કૃપાદાનો આપે છે જે ઉપરથી આવે છે:

**''દરેક ઉત્તમ દાન તથા દરેક સંપૂર્ણ દાન ઉપરથી હોય છે, અને પ્રકાશોનો પિતા જેનામાં વિકાર થતો નથી, તેમ જ જેનામાં ફરવાથી પડતો પડછાયો પણ નથી, તેની પાસેથી ઊતરે છે.''** – યાકૂબનો પત્ર ૧:૧૭.

ઘરધણીનો જવાબ સરળ હતોઃ તેઓને વધવા દો.



*ઘરધણીનો જવાબ હતોઃ ''તેઓને વધવા દો''*

અમુક સમયે, આપણે આશ્ચર્ય પામીએ છીએ કે જે લોકો ઈશ્વરને પ્રસન્ન ન કરે એવા જીવનો જીવે છે તેવા લોકો તેમના હૃદય, મન અને આત્માથી તેમની સેવા કરતા લોકો કરતાં વધુ આશીર્વાદિત હોય એવું લાગે છે. તે શા માટે છે કે ઈશ્વરના બાળક તરીકે હું વધારે સહન કરું છું, જ્યારે અન્ય લોકો – જો કે તેઓ અનૈતિક રીતે જીવે છે – તોપણ તેમના જીવનોનો આનંદ માણે છે? જવાબ સ્પષ્ટ છેઃ તેઓને વધવા દો.

ઈશ્વર દયાળુ છે. તેમની કૃપા આપણી કલ્પનાની બહાર ઘણે દૂર સુધી લંબાય છે. તેઓ લોકોને બદલવાનો સમય અને તક આપે છે. તેઓ સૂર્યને ન્યાયી અને અન્યાયી, બંને પર પ્રકાશવા દે છે. પણ એક દિવસ, સઘળું અજવાળામાં લાવવામાં આવશે – ''કાપણીના સમયે''.

## ૬. કાપણીના સમયે!

જ્યારે ચાકરો ઘઉંમાંથી કડવા દાણાંને ઉખેડી નાખવા માંગતા હતા, ત્યારે ઘરધણીએ કહ્યું, ''ના.'' જ્યારે બંને સાથે વધતા હતા, ત્યારે કોઈ સ્પષ્ટ તફાવત જોવા મળતો ન હતો. તેમ છતાં આપણે યાદ રાખવું જોઈએઃ ઘઉં અને કડવા દાણાં, બંનેને કાપણીનો સામનો કરવો પડશે – ન્યાયચુકાદાનો દિવસ. ત્યારે ફરક જાહેર કરવામાં આવશે, જ્યારે આપણે ન્યાયચુકાદાના સિંહાસન આગળ ઊભા રહીશું.

ઘરધણીએ જાહેર કર્યું હતું કે,

**''કાપણી સુધી બન્નેને સાથે વધવા દો. અને કાપણીની મોસમમાં હું કાપનારાઓને કહીશ કે, તમે પહેલાં કડવા દાણાંને એકઠા કરો, ને બાળવા સારુ તેના ભારા બાંધો, પણ ઘઉં મારી વખારમાં ભરો.''** – માથ્થી ૧૩:૩૦

તેથી, આજે આપણે પોતાની જાતને પ્રશ્ન પૂછવો જોઈએ તે છેઃ આપણે ક્યા ભારામાં છીએ?

ઈશ્વર આપણને એટલો ઊંડો પ્રેમ કરે છે કે તેઓ ઇચ્છતા નથી કે કોઈને શાશ્વત મરણ માટે નિર્ધારિત એવા ભારામાં એકઠા કરવામાં આવે – **બળતી ભઠ્ઠીમાં, જ્યાં ત્યાં રડવું ને દાંત પીસવું થશે.** (માથ્થી ૧૩:૪૨). તેથી જ ઈસુ ખ્રિસ્ત આ જગતમાં આવ્યાઃ આપણા પાપો, શાપ, માંદગીઓ, નિરાશાઓ અને કાલવરીના વધસ્તંભ પર ખાલીપણું સહન કરવા. તેઓ આપણા માટે મૃત્યુ પામ્યા. તેમણે મરણનો સ્વાદ ચાખ્યો હતો. અને કેમ કે મરણ તેમને પકડી રાખી શક્યું નહિ, તેઓ ત્રીજે દિવસે ફરીથી સજીવન થઈ ઊઠ્યા, તે સાબિત કરીને કે તેઓ એક વિજેતા કરતા વધુ છે.

જેમ તેમણે વચન આપ્યું હતું , તેમ, તેઓ પાછા આવશે – રાજાઓના રાજા તરીકે – જગતનો ન્યાય કરવા માટે. શાશ્વત નાશથી બચવાનો એકમાત્ર રસ્તો એ છે કે ઈસુ ખ્રિસ્તને આપણા તારનાર તરીકે સ્વીકારવા, તેમને આપણા જીવનોના પ્રભુ તરીકે જાહેર કરવા, અને તેમના થઈને તેમની સાથે રહેવું. તે એકમાત્ર માર્ગ છે.

બાઈબલ કહે છે:

**''ત્યારે ન્યાયીઓ પોતાના બાપના રાજ્યમાં સૂરજની પેઠે પ્રકાશશે. જેને સાંભળવાને કાન છે તે સાંભળે.''** – માથ્થી ૧૩:૪૩

ઈશ્વર ઈચ્છે છે કે આપણે તેમને માટે પ્રકાશિત થઈએ.

ખરો પ્રશ્ન છે કેઃ **શું આપણે તેમના માટે પ્રકાશવા તૈયાર છીએ? શું આપણે ઘઉં છીએ કે કડવા દાણાં? શું આપણે જાગતા રહ્યા છીએ – કે ઊંઘી ગયા છીએ?**

**નોટિસ**

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો

(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) – સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીઝ કોલ

**યુટ્યુબ**

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી ઈકો ઓફ હીઝ કોલ યુટ્યુબ ચેનલ જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

**1. Bank : State Bank of India**

| | |
|---|---|
| Branch | : **Triplicane, Chennai-5** |
| Name | : **S. Sam Selva Raj** |
| A/C No. | : **1023 2934 679** |
| IFSC | : **SBIN 00 00 249** |
| SWIFT CODE | : **SBI NIN BB 455** |

**2. Bank : ICICI Bank**

| | |
|---|---|
| Branch | : **Anna Salai, Chennai-6** |
| Name | : **Echo of His Call** |
| A/C No. | : **6038 0502 2319** |
| IFSC | : **ICIC 000 6038** |

**3. Bank : State Bank of India**

**(This Account is for Tax Exemption for Indians only )**

| | |
|---|---|
| Branch | : **Triplicane, Chennai-5** |
| Name | : **Echo of His Call Educational Trust** |
| A/C No. | : **1023 2923 805** |
| IFSC | : **SBIN 00 00 249** |

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કૂલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ-૧૦૦/-    આજીવન લવાજમ રૂ-૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીઝ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઇકો ઓફ હીઝ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઇકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારું પત્રવ્યવહાર સરનામું અથવા ઇમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઇકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઇટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઇટ પર જઈને વાંચી શકો તેમજ ડાઉનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઇમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારું સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 17th NOVEMBER 2025

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**